–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં વેસ્ટર્ન રેલ્વે વિભાગ,ભાવનગર વિભાગ દ્વારા મીઠાખળી ખાતે આવેલ અંડરબ્રિજની ઉપર રેલ્વે ટ્રેક પસાર થાય છે. જે ટ્રેકના નીચેના તથા ઉપરના ભાગે પાટાના સ્ટ્રેન્થનીંગનું તથા જર્જરીત પ્લેટો ખસેડીને નવી પ્લેટો લગાવવાનું કામકાજ કરવામાં આવનાર છે. મીઠાખળી અંડરબ્રિજ ખાતેની સદરહું કામગીરી **તા.૧૯,૨૦,૨૧/૩/૨૦૨૬ ના ફકત રાત્રી કલાક (૧૨.૦૦) ૦૦.૦૦ થી ૦૫.૦૦ દરમિયાન (ફકત રાત્રી દરમિયાન)** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

અ.નં.	**વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ**	**વૈકલ્પિક માર્ગ**
૧.	મીઠાખળી અંડરપાસના બન્ને પ્રવેશ તેમજ નિકાસ માર્ગ તા.૧૯,૨૦,૨૧/૩/૨૦૨૬ ના ફકત રાત્રી કલાક (૧૨.૦૦) ૦૦.૦૦ થી ૦૫.૦૦ દરમિયાન (ફકત રાત્રી દરમિયાન) વાહન વ્યવહારની અવર–જવર માટે બંધ રહેશે.	**૧.** મીઠાખળી છ રસ્તા તરફથી અંડરપાસ થઇ આશ્રમ રોડ તરફ જતો ટ્રાફિક મીઠાખળી ગામ થઇ આશ્રમ રોડ તરફના અલગ અલગ મુખ્ય માર્ગ તરફ જઇ શકશે. **૨.** આશ્રમ રોડ તરફનો ટ્રાફિક આશ્રમ રોડ પર આવેલ બુઢ્ઢાસિંગ મહાદેવ,ખોડીયાર માતાના મંદિર થઇ નવરંગપુરા ક્રોસીંગ થઇ મીઠાખળી છ રસ્તા તથા અલગ અલગ માર્ગો તરફ જઇ શકશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૧૭/૩/૨૦૨૬

(અશ્વિન ચૌહાણ)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર